# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/115 Dt. 22/10/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૮૫માં સ્થાપના દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ

### ચેમ્બરના પાયાના શિલ્પીઓના કાર્યોને વર્ણાવતું પુસ્તક 'પાયોનિયર્સ ઓફ એસજીસીસીઆઈ – સેલિબ્રિટીંગ રૂટ્સ, ટ્રિબ્યુટ ટુ અવર પાયોનિયર્સ' નું વિમોચન ઓફિસ બેરર્સ અને પૂર્વ પ્રમુખોના હસ્તે કરવામાં આવ્યું

**પાયાના શિલ્પીઓની આઠ ખુરશીઓની બેઠક વ્યવસ્થાની સાથે શરૂ થયેલી ચેમ્બર ઓફ કોમર્સ આજે ૧૨,૫૦૦થી વધુ સભ્યો, ૧૫૦ થી વધુ એસોસિએશન અને ૨ લાખથી વધુ ઈનડાયરેક્ટ સભ્યોનું પીઠબળ ધરાવતી સંસ્થા બની છેઃ ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ૮૫માં સ્થાપના દિવસ નિમિત્તે સોમવાર, તા. ૨૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે ચેમ્બરના સ્થાપકશ્રીઓ, પાયાના શિલ્પીઓ અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગના વિકાસ માટે સતત કાર્યશીલ રહેલા ૭૭ પ્રમુખોના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા અને શાલ

ઓઢાડીને તેઓનું અભિવાદન કરી આ વિશેષ દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'ચેમ્બરના અને દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ-ધંધાના વિકાસમાં પૂર્વ પ્રમુખશ્રીઓનું અભૂતપૂર્વ યોગદાન રહ્યું છે. પાયાના શિલ્પીઓની આઠ ખુરશીઓની બેઠક વ્યવસ્થાની સાથે શરૂ થયેલી ચેમ્બર ઓફ કોમર્સ આજે ૧૨,૫૦૦થી વધુ સભ્યો, ૧૫૦ થી વધુ એસોસિએશન અને ૨ લાખથી વધુ ઈનડાયરેક્ટ સભ્યોનું પીઠબળ ધરાવતી સંસ્થા બની છે. તેના આ સફરમાં તમામ પ્રમુખશ્રીઓ અને સભ્યોનું યોગદાન મહત્વનું રહ્યું છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, 'ચેમ્બરના પ્રમુખશ્રીઓએ દીર્ઘદૃષ્ટી અને માનવીય અભિગમ દાખવીને સુરતના સુખ અને દુઃખમાં સાથ આપ્યો છે. સુરતમાં આવેલ પૂર વખતે રાહત કેમ્પનું આયોજન, પ્લેગ વખતે લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય અને કોવિડ-૧૯ સમયે ઓક્સિજન પૂરું પાડવાનું કાર્ય જેવા અનેક કાર્યો કર્યા છે. વિકસિત ભારત ૨૦૪૭@ની દિશામાં ચેમ્બર સતત કાર્યશીલ રહેશે. દેશમાં સૌથી મોટી અને સૌથી વધુ કાર્યશીલ રહેતી સંસ્થા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી બની છે.'

ચેમ્બરના સ્થાપના દિવસે પાયાના શિલ્પીઓના કાર્યોને વર્ણાવતું પુસ્તક કોફી ટેબલ બુક 'પાયોનિયર્સ ઓફ એસજીસીસીઆઈ – સેલિબ્રિટીંગ રૂટ્સ, ટ્રિબ્યુટ ટુ અવર પાયોનિયર્સ' નું વિમોચન પૂર્વ પ્રમુખો અને ઓફિસ બેરર્સના હસ્તે કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ આ પુસ્તક વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'કોઈ પણ સંસ્કૃતિ અને તેના સામ્રાજ્યની ઝાંખી તેના ઈતિહાસ પરથી જ જાણી શકાય છે. આથી ચેમ્બર ઓફ કોમર્સના ભૂતપૂર્વ પ્રમુખોની ઝાંખી જાણી શકાય. તે માટે 'પાયોનિયર્સ ઓફ એસજીસીસીઆઈ – સેલિબ્રિટીંગ રૂટ્સ, ટ્રિબ્યુટ ટુ અવર પાયોનિયર્સ' નામનું પુસ્તક પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે. ચેમ્બરના પ્રમુખશ્રીઓએ તેમના કાર્યકાળ દરમિયાન ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી માટે કરેલા કાર્યો, નાનપુરામાં સમૃદ્ધિ બિલ્ડીંગ બનાવવાથી માંડીને સરસાણા ખાતે કોર્પોરેટ ઓફિસ, પ્લેટિનમ હોલ અને ડોમનું નિર્માણ, વેપાર-ઉદ્યોગને વિકસાવવા માટે એક્ઝિબિશનની શરૂઆત, સરકાર સમક્ષ વિવિધ ઉદ્યોગ સંબંધિત કરવામાં આવતી રજૂઆતો વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી છે.'

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લ, ચેમ્બરના વુમન આંત્રપ્રિન્યોર સેલના એડ્વાઈઝર સુશ્રી સ્વાતિબેન સેઠવાલા, એસબીસીના ચેરપર્સન સુશ્રી સ્નેહાબેન જરીવાલા, આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફ્ટ કમિટીના કો-ચેરપર્સન સુશ્રી નિમિષાબેન પારેખ અને સારના કન્સલ્ટન્ટ સુશ્રી જિલ્પાબેન શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, પૂર્વ પ્રમુખશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના દંડક શ્રી ધર્મેશ વાણિયાવાલા, આસિસ્ટન્ટ કમિશનર સુશ્રી ગાયત્રીબેન જરીવાલા અને ચેમ્બરના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અંતે, ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.